

(૮) કેટલીક છોકરીઓ પોતાના બંને હાથ વડે રમત રમી રહી છે.
રમત રમી રહેલી છોકરીઓની બધી મળીને કુલ ૬૦ આંગળીઓ છે.
કેટલી છોકરીઓ આ રમત રમી રહી છે?




(૯) લક્ષ્મી પાસે વેચવા માટે ૨૭ કિલોગ્રામ બટાકા છે.
ત્રણ માણસો આવ્યા અને દરેકે સરખા જથ્થાના બટાકા ખરીદ્યાં.
દરેક માણસે __________ કિગ્રા બટાકા ખરીદ્યાં.



## કૂદતાં પ્રાણીઓ




દેડકો એકવારમાં ૨ પગલાં કૂદે છે.



ખિસકોલી ૩ પગલાં કૂદે છે.




સસલું ૫ પગલાં કૂદે છે.



ઘોડો ૧૫ પગલાં કૂદે છે.

કાંગારું ૩૦ પગલાં કૂદે છે.




જવાબ શોધવા માટે હવે પછીના પાના પર આપેલા રસ્તાનો ઉપયોગ કરો.

(૧) કેટલા કૂદકામાં દેડકો ૩૦ પર પહોંચશે?

૩૦ ÷ ૨ = ____________

(૨) કેટલા કૂદકામાં ખિસકોલી ૨૭ પર પહોંચશે?

૨૭ ÷ ૩ = ____________




(૩) બે કૂદકામાં કાંગારું કઈ સંખ્યા પર પહોંચશે?

(૪) ૧૫ પર કોણ-કોણ મળશે?

_________ _________ _________

(૫) શું સસલું ૧૮ પર ક્યારેય પહોંચી શકશે?

_________

(૬) સસલાના કેટલા કૂદકા ઘોડાના એક કૂદકા બરાબર થાય? _________

(૭) ઘોડાના કેટલા કૂદકા કાંગારુંના બે કૂદકા બરાબર થાય?

(૮) એવી કઈ નાનામાં નાની સંખ્યા છે જ્યાં દેડકો અને ખિસકોલી ભેગાં થશે?

## તમે કેટલી ઝડપથી ગણી શકશો?

◆ ૨ ના ઘડિયાનો ઉપયોગ કરીને બબ્બેનાં જૂથમાં ભાગ પાડો.

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮ ÷ ૨ | = | ૯ | સૂચન : ૨ × ૯ = ૧૮ |
| ૧૮ ÷ ૯ | = | ૨ | |
| ૧૬ ÷ ૨ | = | | |
| ૨૦ ÷ ૨ | = | | |
| ÷ ૨ | = | ૭ | |
| ÷ ૨ | = | ૧૦ | |
| ૮ ÷ | = | ૪ | |

◆ ૫ ના ઘડિયાનો ઉપયોગ કરીને ૫ના જૂથમાં ભાગ કરો.

| | | | |
|---|---|---|---|
| ૧૦ ÷ ૫ | = | | સૂચન : ૫×૨=? |
| ૨૦ ÷ | = | ૪ | |
| ૧૫ ÷ ૫ | = | | |
| ૪૦ ÷ | = | ૮ | |
| ૨૦ ÷ ૫ | = | | |
| ÷ ૫ | = | ૬ | |
| ૨૫ ÷ ૫ | = | | |
| ÷ ૫ | = | ૩ | |
| ૩૫ ÷ ૫ | = | | |
| ÷ ૫ | = | ૨ | |

◆ ૧૦ ના ઘડિયાનો ઉપયોગ કરીને ૧૦ના જૂથમાં ભાગ કરો.

| | | | |
|---|---|---|---|
| ૨૦ ÷ ૧૦ | = | | |
| ૩૦ ÷ ૧૦ | = | | |
| ૪૦ ÷ ૧૦ | = | | |
| ૫૦ ÷ ૧૦ | = | | |
| ૪૦ ÷ | = | ૪ | |
| ÷ ૧૦ | = | ૮ | |
| ÷ ૧૦ | = | ૫ | |
| ÷ ૧૦ | = | ૩ | |
| ÷ ૧૦ | = | ૨ | |
| ૬૦ ÷ | = | ૬ | |

ભાગ પાડવા માટે બાળકો ગુણાકારનાં તથ્યોની મૌખિક ગણતરીનો ઉપયોગ કરે તે માટે તેમને પ્રોત્સાહિત કરો.


◆ આનો પ્રયત્ન કરો.

| | | | |
|---|---|---|---|
| ૪ ÷ | = | ૨ | |
| ૧૪ ÷ ૭ | = | | |
| ૬ ÷ | = | | |
| ÷ ૨ | = | ૭ | |
| ÷ ૨ | = | ૩ | |
| ૧૫ ÷ ૩ | = | | |
| ૮ ÷ ૪ | = | | |
| ૧૫ ÷ ૫ | = | | |
| ૮ ÷ | = | ૪ | |
| ÷ ૨ | = | ૮ | |

| | | | |
|---|---|---|---|
| ૯ ÷ ૩ | = | | |
| ૧૮ ÷ ૯ | = | | |
| ÷ ૨ | = | | ૫ |
| ૨૦ ÷ ૫ | = | | |
| ૧૨ ÷ ૪ | = | | |
| ૨૦ ÷ ૪ | = | | |
| ૧૨ ÷ | = | | ૨ |
| | | | |
| | | | |
| | | | |


## કોયડો

ઘડિયાળના ડાયલના એવા ત્રણ ભાગ કરો કે જેથી દરેક ભાગમાંની સંખ્યાનો સરવાળો એકસરખો થાય.



# ૧૩ સ્માર્ટ ચાર્ટ





**જુદા-જુદા રંગનાં ફૂલો**


તમે કદી બગીચામાં ગયાં છો?

તમે કેવા રંગનાં ફૂલો જોયાં છે?

શું મોટા ભાગનાં ફૂલો પીળા રંગનાં હતાં?

ચિત્રમાં જુદાં-જુદાં ફૂલો જુઓ. કોઠો પૂર્ણ કરો.

| ફૂલનો રંગ | ફૂલની સંખ્યા |
|---|---|
| વાદળી | |
| લાલ | |
| નારંગી | |
| જાંબલી | |




યોગ્ય ફૂલ દોરો. કેટલાં છે તે લખો.

૧) સૌથી વધુ __________ છે. કેટલાં છે? __________

૨) સૌથી ઓછાં __________ છે. કેટલાં છે? __________


૩) __________ કરતાં __________ વધારે છે.

૪) __________ કરતાં __________ વધારે છે.



## આપણે રસ્તા પર શું જોઈએ છીએ?

ટ્રાફિકનું ચિત્ર જુઓ અને કોઠો ભરો.



આ પ્રકરણમાં ગણિતના મહત્ત્વના ક્ષેત્ર આંકડાઓની સાથે કામ કરવા માટેની શરૂઆતી ભૂમિકા આપી છે. પ્રાથમિક શિક્ષણ પૂરું કરે ત્યાં સુધીમાં બાળકોને આંકડા ભેગા કરવા, તેમને સંગ્રહવા, સ્તંભ-આલેખ અને કોઠામાં રજૂ કરવા, આંકડાની પૅટર્ન સમજવી અને તેનું અર્થઘટન કરવામાં સક્ષમ કરવા. શિક્ષક આ માટે બાળકોના અનુભવ-જગતમાંથી ઘણાં રસપ્રદ અને રોમાંચક ઉદાહરણ લઈ શકે છે. અહીં આપેલાં ચિત્રોને પણ કેટલાય પ્રકારના વર્ગીકરણના અભ્યાસ માટે ઉપયોગ કરી શકાય છે. જેમકે, ફૂલમાં પાંખડીઓની સંખ્યા કેટલી છે.




| મુસાફરીની રીત | કેટલા |
|---|---|
| ચાલીને જતા(માણસો) | |
| સાઈકલ | |
| સ્કૂટર | |
| | |
| | |
| | |

નીચેના પ્રશ્નોના જવાબ આપો :

૧) આ ચિત્રમાં તમને મુસાફરીની કઈ રીત સૌથી વધુ જોવા મળે છે?

____________

૨) મુસાફરીમાં કયું વાહન સૌથી ઓછું જોવા મળે છે? ____________

૩) ચાલીને જતા લોકોની સંખ્યા ____________ કરતાં વધુ છે.

૪) બસની સંખ્યા કરતાં ____________ ઓછી સંખ્યામાં છે.


**તમને ૬ અંક કેટલી વાર મળે છે?**

શું તમે કોઈ રમત પાસાની મદદથી રમ્યાં છો?






પાસાની જુદી-જુદી સપાટી પર કેટલાં ટપકાં હોય છે?




* પાસો નાખો.
* પાસો નાખતાં ઉપરની સપાટી પર તમને કેટલાં ટપકાં મળ્યાં?
* દરેક દાવમાં તમને જેટલા અંક મળે તે અંક સામે કોઠામાં '/' કરો.
* ૩૦ વખત પાસો ફેંકો અને દરેક વખતે જે અંક મળ્યા હોય તે મુજબ ખાનામાં નિશાની કરો.


ઉદાહરણ તરીકે, રાબિયા તેનો પાસો ૩૦ વાર ફેંકે છે. તેને  પાંચ વખત મળે છે. તેના ખાનામાં તેણે  ///// કરી છે.

હવે કોઠો ભરો.

| પાસાની સપાટી | કેટલી વખત આવ્યા (દરેક દાવ માટે /) |
|---|---|
|  | |
|  | |
|  | |
|  | |
|  | |
|  | |



૧) પાસાની કઈ સપાટી સૌથી વધુ વખત આવી છે? __________

૨) કેટલી વાર  સપાટી ઉપર આવી? __________

૩)  સપાટી ☐ સપાટી કરતાં વધુ વખત આવી.

૪) તમારી બાજુના વિદ્યાર્થી સાથે તમારા કોઠાની સરખામણી કરો. તમને બે કોઠામાં કોઈ જુદાપણું જોવા મળ્યું?

**તમારી આસપાસના લોકો પાસેથી માહિતી મેળવો :**

૧. તમારી આસપાસના લોકો સાથે તેમની મનપસંદ મીઠાઈ અંગે વાત કરો અને કોઠામાં ભરો :

| **મનપસંદ મીઠાઈ** | **માણસની સંખ્યા** |
|---|---|
| જલેબી | |
| | |
| | |
| | |
| | |
| | |



ઉપરના કોઠા પરથી નીચેના જવાબ આપો :

૧) સૌથી વધુ મનપસંદ મીઠાઈ ____________________


૨) સૌથી ઓછી મનપસંદ મીઠાઈ ____________________

૩) __________ ને __________ કરતાં વધુ પસંદ કરવામાં આવી.
(મીઠાઈનું નામ) (મીઠાઈનું નામ)

૪) __________ ને __________ કરતાં વધુ પસંદ કરવામાં આવી.

૫) __________ ને __________ કરતાં વધુ પસંદ કરવામાં આવી.

૬) __________ ને __________ કરતાં વધુ પસંદ કરવામાં આવી.



૨. તમારા મિત્રોને તેમના ઘરમાં કેટલા માણસો રહે છે તે પૂછો અને કોઠો ભરો.





| ભેગા રહેતા માણસોની સંખ્યા | કેટલા પરિવાર |
|---|---|
| એકલા | |
| ૨ માણસો | |
| ૩ માણસો | |
| ૪ માણસો | |
| ૫ માણસો | |
| ૬ માણસો | |
| ૭ માણસો | |
| ૮ માણસો | |
| .............. | |

૧) મોટા ભાગના પરિવારમાં _________ વ્યક્તિઓ રહે છે.

૨) એક જ ઘરમાં રહેતી સૌથી ઓછી વ્યક્તિઓની સંખ્યા _________ છે.

૩) ૪ માણસો રહેતા હોય તેવા પરિવારોની સંખ્યા _________ છે.





૩. તમારા સહપાઠી મિત્રો આજે નાસ્તામાં શું લાવ્યા છે? શોધો અને લખો.

| નાસ્તાની વાનગી | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |

(અ) મોટી સંખ્યામાં બાળકો જે નાસ્તો લાવ્યા હોય તેનું નામ ________

(બ) ઓછી સંખ્યામાં બાળકો જે નાસ્તો લાવ્યા હોય તેનું નામ ________




## ચાર્ટ સાથે સ્માર્ટ બનો

| હાજરી ચાર્ટ<br>તારીખ ૦૮-૦૨-૨૦૧૮ | | | |
|---|---|---|---|
| ધોરણ | વિદ્યાર્થીઓની સંખ્યા | હાજર સંખ્યા | ગેરહાજર સંખ્યા |
| ધોરણ ૧ | ૨૭ | ૨૫ | ૨ |
| ધોરણ ૨ | ૨૩ | ૨૨ | ૧ |
| ધોરણ ૩ | ૨૪ | ૨૧ | ૩ |
| ધોરણ ૪ | ૨૨ | ૧૮ | ૪ |
| ધોરણ ૫ | ૨૫ | ૨૩ | ૨ |
| કુલ | | | |




આ ચાર્ટ દરેક વર્ગમાંના વિદ્યાર્થીઓની સંખ્યા બતાવે છે.
વળી તે હાજર અને ગેરહાજર વિદ્યાર્થીઓની સંખ્યા પણ બતાવે છે.

* શાળામાં કુલ કેટલાં બાળકો છે? ________
* આજે કુલ કેટલાં બાળકો ગેરહાજર છે? ________




### ગેરહાજર વિદ્યાર્થીઓનો ચાર્ટ

| ધોરણ | ગેરહાજર વિદ્યાર્થીઓ |
|---|---|
| ધોરણ ૧ |  |
| ધોરણ ૨ |  |
| ધોરણ ૩ |  |
| ધોરણ ૪ |  |
| ધોરણ ૫ | |

આ ચાર્ટ ગેરહાજર વિદ્યાર્થીઓની સંખ્યા બતાવે છે.
દરેક ગેરહાજર વિદ્યાર્થીને  વડે દર્શાવ્યા છે.

* ચાર્ટમાં ધોરણ ૫ ના ગેરહાજર વિદ્યાર્થીઓ દર્શાવો.